Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫

## સ્નાતક (ધોરણ -૧૨ પછીના) તથા અનુસ્નાતક (સ્નાતક પછીના) (LL. B. સિવાય તથા ACPC, ACPMC દ્વારા અપાતા પ્રવેશ સિવાયના) કક્ષાના અભ્યાસક્રમો માં પ્રવેશ માટે ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવા અંગેની જાહેરાત

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ દરમ્યાન સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માં પ્રવેશથી વંચિત તમામ વિદ્યાર્થીઓ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે (યુનિવર્સિટી કેમ્પસમાં) અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન સરકારી, અનુદાનિત, સ્વનિર્ભર કોલેજોમાં ચાલતા વિવિધ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માં પ્રવેશ માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in પર ઓનલાઇન **પ્રવેશ ફોર્મ તા. ૧૮/૦૭/૨૦૨૪ ના રોજ સાંજે ૭ : ૩૦ કલાકથી તા. ૨૩/૦૭/૨૦૨૪ ના રોજ રાત્રે ૧૨ વાગ્યા સુધી** ભરી શકાશે.

સૂચના :

(૧) **B.A., B.Com, B.Sc., B.C.A તથા B.B.A. ની પ્રવેશ પ્રક્રિયા સુરત, વલસાડ, નવસારી, બારડોલી અને ભરૂચ એમ પાંચ ઝોન વાઈઝ** કરવાની હોવાથી વિદ્યાર્થીઓએ પોતાની પસંદગી ની કોલેજો જે ઝોનમાં આવતી હોય તે જોઈ તે અનુસાર પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. **જો કોઈ વિદ્યાર્થી એક કરતાં વધુ ઝોન ની કોલેજો માટે પ્રવેશ ફોર્મ ભરવા માંગતા હોય તો પ્રત્યેક ઝોન માટે અલગ અલગ ફોર્મ ભરવાનું રહેશે.** (કયા ઝોનમાં કઈ કઈ કોલેજો નો સમાવેશ કરવામાં આવેલ છે તેની વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તે જોયા બાદ જ ફોર્મ ભરવાની કાર્યવાહી કરવી).

(૨) પ્રવેશ અંગેની લાયકાત તથા પ્રવેશની સંપૂર્ણ વિગતો યુનિવર્સિટીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે તેનો બરાબર અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઇન ફોર્મ ભરવું. **પ્રવેશ માટેની પ્રોસેસિંગ ફી રૂ. ૩૦૦/- (Non Refundable)** નેટ બેન્કિંગ, ડેબિટ/ક્રેડિટ કાર્ડ અથવા UPI થી જ ભરવાની રહેશે, અન્ય કોઈપણ રીતે રજીસ્ટ્રેશન ઉપલબ્ધ નથી.

(3) GCAS પોર્ટલ પર સદર અભ્યાસક્રમોની મેરીટ યાદી પૂર્ણ (Exhaust) થઈ ગયેલ/થયા બાદ જે તે વિભાગ/કોલેજની જો બેઠકો ખાલી પડશે તો જ ખાલી બેઠકો પર અનામતના નિયમો અનુસરીને મેરીટ અનુસાર પ્રવેશ ફાળવવામાં આવશે. જે તે કોલેજ/વિભાગ માં ચાલતા જે તે અભ્યાસક્રમોમાં કોઈ બેઠક ખાલી હશે નહીં કે ખાલી પડશે નહીં તો તે કોલેજ/વિભાગ ના જે તે અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે નહીં.

કુલસચિવ

તારીખ: ૧૮/૦૭/૨૦૨૪
સ્થળ: સુરત